**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. I-૨૦-૨૦૧૫-૧૬**

અરજદાર: શ્રી પરમાભાઇ રામાભાઇ પટેલ,
મુ. ભેમાની વાવો,
તા. કડાણા જી. મહીસાગર

રજુઆત કરનાર : શ્રી પરમાભાઇ રામાભાઇ પટેલ જાતે

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
પેટા-વિભાગીય કચેરી, સંતરામપુર-૧

રજુઆત કરનાર : શ્રી કે.આઇ. દલવાડી, નાયબ ઇજનેર, પેટા-વિભાગીય કચેરી, સંતરામપુર-૧

ફરીયાદીની તા. ૧૦.૦૬.૨૦૧૫ ની ગેરકાયદેસર વિજ કનેકશન આપવા બાબત ફરીયાદ.

ફરીયાદીની તા. ૧૦.૦૬.૨૦૧૫ ની ગેરકાયદેસર વિજ કનેકશન આપવા બાબત ફરીયાદ તા. ૧૯/૦૬/૨૦૧૫ ના રોજ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરીયાદી શ્રી પરમાભાઇ રામાભાઇ પટેલ જાતે તથા સામાવાળા તરફે શ્રી કે.આઇ. દલવાડી, નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., પેટા-વિભાગીય કચેરી, સંતરામપુર-૧ હાજર રહયા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા બંન્ને પક્ષે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી.

**ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,**

ફરિયાદીએ સને ૨૦૦૦ ની સાલમાં તેઓની માલિકીની જમીન સર્વે નંબર. ૧૮૦/૨ માં કૂવો ખોદાવેલ હતો. આ કૂવા ઉપર ફરીયાદીના ભત્રીજા વિનોદભાઇ ભેમાભાઇ પટેલે વિજ જોડાણ મેળવેલ છે. પટેલ વિનોદભાઇ ભેમાભાઇનો સર્વે નંબર. ૧૮૦/૧ છે. જેમાં સરકારી રેકર્ડ મુજબ કૂવો ન હોવા છતાં સરકારી રેકર્ડમાં કૂવો નોંધાવી સને ૨૦૧૨ માં વિજ જોડાણ મેળવેલ હતું. અમોએ અમારા ભત્રીજાને વિજ જોડાણ શા માટે લીધું તે અંગે પૂછતાં તેઓએ જણાવેલ કે કેનાલમાંથી પાણી મેળવવા માટે વિજ જોડાણ લીધેલ છે. સર્વે નંબર. ૧૮૦/૧ તથા સર્વે નંબર. ૧૮૦/૨ ની નજીક કડાણા કેનાલ આવેલ છે. વિનોદભાઇ ભેમાભાઇ પટેલે મેળવેલ વિજ જોડાણનું સને ૨૦૧૨ થી તા. ૦૪/૦૬/૨૦૧૫ સુધીનું "0" યુનિટ વપરાશ થયેલ છે. ઉનાળામાં કડાણા ડાબા કાંઠાની નહેરમાંથી પાણી આપવાનું બંધ હતું તેથી શ્રી વિનોદભાઇ પટેલે તા. ૦૪/૦૬/૨૦૧૫ ના રોજ અમારી માલિકીના કૂવામાં મોટર ઉતારી દીધેલ. આ અંગે પૂછતાં વિનોદભાઇ ભેમાભાઇ પટેલે જણાવેલ કે " મને કેનાલની મંજુરી મળેલ નથી અને મીટર વણવપરાયેલ હોવાથી મારૂ મીટર વિજ કંપની લઇ ન જાય તે માટે મોટર કૂવામાં ઉતારેલ છે" ફરીયાદીએ મોટર કાઢી લેવા જણાવવા છતાં વિનોદભાઇ ભેમાભાઇ પટેલે મોટર કાઢી દીધેલ નથી. જેથી આપેલ વિજ જોડાણ વેળાસર ઉઠાવી લઇ ખોટા દસ્તાવેજ ઉભા કરવા બદલ કાયદાકીય પગલાં લેવાં માંગણી કરેલ છે.

ફરીયાદી તરફે ફરીયાદી શ્રી પરમાભાઇ રામાભાઇ પટેલ, જાતે હાજર રહયા અને રજુઆત કરી કે ફરીયાદીએ કડાણા કેનાલની જમીનમાં સને ૨૦૦૧ – ૨૦૦૨ માં કૂવો ખોદાવેલ આ કૂવો સરકારી રેકર્ડ મુજબ પોતાના ખેતરમાં ૭/૧૨ ના ઉતારામાં નોંધાવા કાર્યવાહી કરેલ. પરંતું ફરીયાદીના ભત્રીજાએ આ કૂવો સરકારી રેકર્ડના તેઓની જમીનના ૭/૧૨ ના ઉતારામાં નોંધણી કરાવેલ. હાલમાં તેઓએ સને ૨૦૧૨ માં મેળવેલ વિજ જોડાણ કૂવા ઉપર જોડી દીધેલ છે. જેથી તે કનેકશન રદ કરવા માંગણી કરેલ છે.

સામાવાળા તરફે શ્રી કે.આઇ. દલવાડી, નાયબ ઇજનેર, પેટા-વિભાગીય કચેરી, સંતરામપુર-૧ હાજર રહયા અને રજુઆત કરેલ કે ગામ ભેમાની વાવોના સર્વે નંબર. ૧૮૦/૧ માં શ્રી વિનોદભાઇ ભેમાભાઇ પટેલના નામે વિજ

જોડાણ આપેલ છે. આ વિજ જોડાણ તા. ૦૮/૦૬/૨૦૧૨ ના રોજ આપવામાં આવેલ. તા. ૦૮/૦૬/૨૦૧૨ ના ૭/૧૨, ૮-અના ઉતારા મુજબ સર્વે નંબર. ૧૮૦/૧ વાળી જમીનના માલિક/ભાગીદાર તરીકે ફરીયાદી કે તેઓના પિતાશ્રીનું નામ હતું નહીં. સર્વે નંબર. ૧૮૦/૨ ની માલિકી ફરીયાદીની છે. આ સર્વે નંબરમાં કૂવો કે વિજ જોડાણ હયાત નથી. ફરીયાદીના કેવા મુજબ કૂવો સર્વે નંબર. ૧૮૦/૨ માં આવેલ છે. પરંતું વિજ જોડાણ વિનોદભાઇ ભેમાભાઇ પટેલના નામે આપવામાં આવેલ છે. જેથી ફરીયાદીની માંગણી મુજબ રદ કરી શકાય તેમ નહીં.

સુનાવણી દરમ્યાન ફોરમના સભ્યો હાજર રહયા. બંન્ને પક્ષકારોને સાંભળ્યા અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. બંન્ને પક્ષકારોને સાંભળ્યા પછી ફોરમ એ તારણ પર આવ્યું કે તકરારવાળું વિજ જોડાણ શ્રી વિનોદભાઇ ભેમાભાઇ પટેલના નામે આપવામાં આવેલ છે. આ વિજ જોડાણ જે તે વખતે જોઇ ચકાસી શ્રી વિનોદભાઇ ભેમાભાઇ પટેલને સામાવાળા ધ્વારા આપવામાં આવેલ છે. જેથી હાલ ફરીયાદીની ફરીયાદના કારણે શ્રી વિનોદભાઇ ભેમાભાઇ પટેલનું વિજ જોડાણ કાપી શકાય તેમ નહીં. વધુમાં વિજ જોડાણ સને ૨૦૧૨ માં તા. ૦૮/૦૬/૨૦૧૨ ના રોજ આપવામાં આવેલ છે. ફરીયાદીએ તે વખતે કોઇ વાંધો લીધેલ નથી. હાલમાં વાંધો લીધેલ છે. જેથી ફરીયાદીની ફરીયાદને સમયમર્યાદાનો બાધ નડે છે. ફરીયાદીએ વિજ જોડાણ આપ્યા તારીખ તા. ૦૮/૦૬/૨૦૧૨ થી બે વર્ષની અંદર ફોરમ સમક્ષ ફરીયાદ કરવી જોઇએ. પરંતું ફરીયાદીએ હાલમાં તા. ૧૦/૦૬/૨૦૧૫ ના રોજ ફોરમ સમક્ષ ફરીયાદ કરેલ છે. જે આશરે ત્રણ વર્ષના સમયગાળા બાદ કરેલ છે. જેથી ફરીયાદીની ફરીયાદ સમયમર્યાદાની બહારની હોઇ ફોરમને ફરીયાદ સાંભળવાની હકુમત નથી.

આમ ઉપરોકત કારણોને ધ્યાને લઇ શ્રી વિનોદભાઇ ભેમાભાઇ પટેલનું વિજ કનેકશન નહીં કાપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઇ રહેશે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આથી ફરીયાદી શ્રી પરમાભાઇ રામાભાઇ પટેલ, મુ. ભેમાની વાવો, તા. કડાણા જી. મહીસાગરનુ હુકમ કરવામાં આવે છે કે મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડનાએ શ્રી વિનોદભાઇ ભેમાભાઇ પટેલને આપેલ વિજ કનેકશન કાપેલ નથી તે બરાબર અને યોગ્ય છે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજૂઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.